# મિડ-ડે

Jagran ૯ એપ્રિલ ૨૦૧૯, મંગળવાર, મુંબઈ, ૨૮ પાનાં, ₹ ૭.૦૦ | ફોન : 6831 4800 | ફૅક્સ : 2642 6812 | www.gujaratimidday.com



રવિવારથી શરૂ થાય છે
ડૉ. હાર્દિક નિકુંજ યાજ્ઞિક લિખિત
નવી ધારાવાહિક નવલકથા
ઈશ્વરોલૉજી
એટલે એક સામાન્ય માણસની
ઈશ્વરને અસામાન્ય ચૅલેન્જ


## ફૂડ-ટિપ્સ

મિત્રો, અત્યારે હું અમેરિકા છું, પણ આપણી આ ફૂડટિપ્સ અમેરિકાના વિઝા માટે હું કૉન્સ્યુલેટમાં ગયો એ સમયની આપણા મુંબઈની જ છે. વિઝા માટે હું બાંદરા કુર્લા કૉમ્પ્લેક્સની અમેરિકન કૉન્સ્યુલેટ ગયો અને ત્યાં વિઝાનું કામ પતાવીને હું એક બીજા કામ માટે સાઉથ મુંબઈ જતો હતો. રસ્તામાં ટાઈમપાસ કરવાના ઈરાદે મેં ફેસબુક ઓપન કર્યું અને મારું ધ્યાન એક વિડિયો પર ગયું, જેમાં એક વ્યક્તિ વડાપાંઉ ખાતી હતી અને એનાં ખૂબ વખાણ કરતી હતી. ખાવાનું જોઈને મારી અંદરનો બકાસુર જાગ્યો. મેં વિડિયો બરાબર ચેક કર્યો અને જોયું તો એ વડાપાંઉની જગ્યાનું નામ હતું, જુગાડી અડ્ડા. આપણે તો નાખ્યું ગૂગલમેપમાં નામ અને જોયું તો ખબર પડી કે દસ જ મિનિટનો રસ્તો છે. આપણે નક્કી કરી લીધું કે જવું તો પડે જ.

વરલી સીલિંક ક્રૉસ કરીને ગ્લૅક્સોવાળા રસ્તા પર ગ્લૅક્સોના બિલ્ડિંગ પછી ડાબી બાજુએ તરત જ મુંબઈ દૂરદર્શન આવે. ત્યાંથી સીધા આગળ જઈએ એટલે જમણી બાજુએ જીસઝનો ક્રૉસ આવે છે અને એની પાછળની બાજુએ આવે જુગાડી અડ્ડા.



**સિમ્પલી સુપર્બ:** જુગાડી અડ્ડાના વડાપાંઉ એટલે સિમ્પલી એક નંબર. વડાપાંઉ સાથે જાતજાતના સૉસનું કૉમ્બિનેશન તમને બીજે ક્યાંય જોવા નહીં મળે.

તમને થાય કે મુંબઈમાં તો દરેક ચોથો માણસ વડાપાંઉ વેચતો હોય છે તો પછી આમાં ખાસ શું છે. પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે, પણ હું કહીશ કે આના વડાપાંઉ ખરેખર જુદાં જ છે. 'જુગાડી અડ્ડા'માં તમને તંદૂરી મેયો વડાપાઉં અને તંદૂરી ચીઝ મેયો વડાપાંઉ પણ મળે. બીજા વડાપાંઉની વાત કરું એના પહેલાં તમને હું આ તંદૂરી એટલે શું એ સમજાવી દઉં. આ તંદૂરી સોસ હોય એમાં ચીઝ અને મેયોનીઝ હોય. એનો ટેસ્ટ અદ્ભુત હોય છે. આ ઉપરાંત એને ત્યાં સેઝ્વાન ચીઝ મેયો વડાપાંઉ, સેઝ્વાન મેયો વડાપાંઉ, પેરીપેરી ચીઝ મેયો વડાપાંઉ, પેરીપેરી મેયો વડાપાંઉ, બાર્બેક્યુ વડાપાંઉ અને બીજાં અનેક વડાપાઉં હતાં. ખરેખર સ્વાદિષ્ટ વડાપાઉં બનાવે છે. વડાપાંઉ ખાતાં હો તો એક વાત ધ્યાન રાખજો. વડાપાંઉની અંદરનું જે વડું હોય એનું સૌથી વધારે મહત્ત્વ છે. એ વડાપાંઉની મેઈન ઈન્ગ્રેડિયન્ટ્સ છે એવું કહું તો પણ ચાલે. 'જુગાડી અડ્ડા'નું વડું ખરેખર સારું છે. મેં તો માત્ર બટેટાવડું લઈને ખાસ ટેસ્ટ પણ કર્યું છે એટલે કહું છું. આ વડામાં મેયોનીઝ કે પેરીપેરી કે ચીઝ તંદૂરી જેવા બધા સૉસ પડે તો એનો ટેસ્ટ સાવ જ બદલાઈ જાય છે અને સ્વાદમાં ચાર ચાંદ લાગી જાય છે અને એનો ભાવ પણ માત્ર વીસ રૂપિયા જ છે. જો તમારે વરલી તરફ જવાનું થાય અને ભૂખ લાગી હોય તો અહીંયાં આવી જજો, મજા પડી જશે. આખો દિવસ વડાપાંઉ મળે અને એ પણ કહી દઉં, એક કે બે વડાપાંઉથી પેટ ભરાશે પણ મન નહીં ભરાય. ગૅરન્ટી. હવે આવતા અઠવાડિયેથી અમેરિકાની ફૂડટિપ્સનો રસાસ્વાદ કરાવીશ.